| | |
|---|---|
| **GJSR120012792023** | **Criminal Case no.1166/2023**<br>**સરકાર**<br>***vs.***<br>**લક્ષ્મણભાઈ ઉર્ફે શૈલેષ પરમાર (દેવીપુજક)** |

***ફોર્મ – A***

| **કઠોર ના મે. જ્યુડીશિયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 25/03/2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **1166/2023** | આંક: |
| ગુનાની વિગત | | |
| એફ.આઈ.આર.ની વિગત | કામરેજ પોલીસ સ્ટેશન, એફ. આઈ. આર. નં. 11214020220941/2022, તારીખ:10/05/2022 | |
| ગુનો (કલમ) | ઈ.પી.કો.ની કલમ 323, 324, 504, 506(2) મુજબ | |
| ફરિયાદી | શ્રી સરકાર | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | **વિ.એ.પી.પી.શ્રી. પી.બી. સથવારા** | |
| વિરુદ્ધ | | |
| આરોપી | **લક્ષ્મણભાઈ ઉર્ફે શૈલેષ પરમાર (દેવીપુજક)**<br>ઉ.વ.આ.૨૭, વ્યવસાય–નોકરી<br>રહે.વાવ ગામ, શ્રીજી રો–હાઉસ મકાન નં.૪૧૩, તા.કામરેજ, જી.સુરત<br>મુળ રહે.વેજલકાગામ, તા.ધોળકા, જી.અમદાવાદ | |
| આરોપી પક્ષે રજૂઆત | **વિ.વ.શ્રી. કે. એસ. જાદવ** | |

***ફોર્મ – B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 08/05/2022 |
| એફ.આઈ.આર. તારીખ: | 10/05/2022 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **30/01/2023** |
| ચાર્જ ફ્રેમ કર્યા તારીખ: | 22/06/2023 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 22/06/2023 |

| | |
|---|---|
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 07/03/2026 |
| જજમેન્ટની તારીખ: | **25/03/2026** |
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો): | — |

| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | 03 | 01 | 26 |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી.ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **લક્ષ્મણભાઈ ઉર્ફે શૈલેષ પરમાર (દેવીપુજક)** | — | — | ઈ.પી.કો.ની કલમ 323, 324, 504, 506(2) મુજબ | નિર્દોષ | — | — |

***ફોર્મ – C***

1 **ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:**

**1.a ફરિયાદ પક્ષે –**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| PW-1 | 08 | દિનેશભાઈ બચુભાઈ વાઘાણી | સાહેદ |
| PW-2 | 09 | જિગ્નેશભાઈ અશોકભાઈ કાવીઠીયા | સાહેદ |
| PW-3 | 13 | ગણેશભાઈ સવજીભાઈ ભોજવીયા | પંચ સાહેદ |
| PW-4 | 16 | પ્રવિણભાઈ સવજીભાઈ ભોજવીયા | ફરીયાદી |
| PW-5 | 18 | પરેશભાઈ સવજીભાઈ ભોજવીયા | સાહેદ |
| PW-6 | 19 | પ્રકાશભાઈ સવજીભાઈ ભોજવીયા | સાહેદ |
| PW-7 | 20 | પ્રભાતભાઈ સવજીભાઈ ભોજવીયા | સાહેદ |

2 **ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:**

**2.a ફરિયાદ પક્ષે –**

| અનુ. નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| 1 | 17 | ફરિયાદ |
| 2 | 14 | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| 3 | 21 | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| 4 | 22 | મેડિકલ સર્ટિફિકેટ |
| 5 | 23 | મેડિકલ સર્ટિફિકેટ |

**// ચુ કા દો //**

1 **ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૫/૨૦૨૨ ના કલાક ૦૯/૧૫ વાગ્યાના અરસામાં મોજે.ખોલવડગામ, અમૃત ઉધોગનગર ખાતે આવેલ શ્રીજી જેમ્સ નામના ડાયમંડ કારખાનામાં આ કામના ફરીયાદી નાઓ હીરાઘસુનુ કામકાજ કરતા હતા દરમિયાન આ કામના આરોપી નાઓ તેઓના હાથમાં લોખંડની પાઈપ લઈ અચાનક આવી ફરીને માથામાં મારી ફરીયાદીનુ શર્ટ પકડી નીચે પાડી દઈ મારા મારી કરી જેમફાવે તેમ ગાળો બોલી ફરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ઈ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે.

2 **સી.આર.પી.સી. ની કલમ-240 મુજબ તહોમતનામુ:**

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ-230 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા તેઓ વિરુદ્ધ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક-૦૫ ની પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી સી.આર.પી.સી.ની કલમ-254 અન્વયે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

3 **સી.આર.પી.સી.ની કલમ-313 મુજબનું આરોપીનું વિશેષ નિવેદન:**

ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા લીધા બાદ ફરીયાદપક્ષ તરફથી પુરાવા પૂર્ણ થયા અંગે મૌખિક જાહેર કરેલ. આમ, સદર કામે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો ન હોય સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી, આમ આરોપી ધ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

4 **<u>સી.આર.પી.સી. ની કલમ–314 મુજબ પક્ષકારોની દલીલો:</u>**

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી પી.બી.સથવારા તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ડી. આર. પટેલ ની દલીલો સાંભળવામાં આવેલી.

5 **<u>સી.આર.પી.સી. ની કલમ–354(1)(B) મુજબ પોઈન્ટસ ફોર ડીટરમીનેશન:</u>**

5.a આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

a.i **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૦૮/૦૫/૨૦૨૨ ના કલાક ૦૯/૧૫ વાગ્યાના અરસામાં મોજે.ખોલવડગામ, અમૃત ઉધોગનગર ખાતે આવેલ શ્રીજી જેમ્સ નામના ડાયમંડ કારખાનામાં આ કામના ફરીયાદી નાઓ હીરાઘસુનુ કામકાજ કરતા હતા દરમિયાન આ કામના આરોપી નાઓ તેઓના હાથમાં લોખંડની પાઈપ લઈ અચાનક આવી ફરીને માથામાં મારી ફરીયાદીનુ શર્ટ પકડી નીચે પાડી દઈ મારા મારી કરી જેમફાવે તેમ ગાળો બોલી ફરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે?**

a.ii **શું હુકમ?**

5.b ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

b.i મુદ્દા નં.1 – **નકારમાં**

b.ii મુદ્દા નં.2 – **આખરી હુકમ મુજબ**

## // કારણો //

- **<u>મુદ્દા નં.1 અંગે:</u>**

6 ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

7 આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૦૪ મુજબનું તહોમતનામું પુરવાર કરવા ફરિયાદપક્ષે **આંક–૧૬ થી ફરીયાદી પ્રવિણભાઈ સવજીભાઈ ભોજવીયા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૦૯/૧૫ વાગ્યે ખોલવડ ગામ અમૃત ઉધોગ નગર વિભાગ–૨ શ્રીનાથજી ડાયમંડ કારખાનામાં બનેલ. ત્યા તેઓ હિરા ઘસવાનું કામ કરતા હતા. ગઈ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ કારખાનામાં તેઓની સાથે કામ કરતા લક્ષમણભાઈ પરમાર તેઓની બાજુમાં આવેલ ઘંટી ઉપર કામ શીખતા નીલેશ નામના છોકરા સાથે મસ્તી કરતા હતા, જેથી તેઓએ તેઓને કહેલ કે, નાના છોકરા સાથે મસ્તી કેમ કરે છે તેમ કહી ઉશકેરાઈ જઈ તેઓને કહેલ કે તારી સાથે મસ્તીતો નથી કરતોને તેમ કહી તેઓને ગાલ ઉપર લાફો મારી દિધેલ જેથી તેઓ તેમની ઘંટી ઉપર ઉઠીને જતા રહેલ જેથી કરીને ફરીથી ઝગડો ન થાય એટલે ત્યાથી નીકળી ગયેલ. તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ તેઓ તેઓની ઘંટી ઉપર કામ કરતા હતા, ત્યારે અચાનક લક્ષ્મણભાઈ હાથમાં લોખંડની પાઈપ લઈ આવીને તેમનો શર્ટ પકડીને બોલાચાલી કરેલી અને બોલાચાલી થતા ઘણા માણસો ભેગા થઈ ગયેલ જેમા ધક્કામુકી થતા તેઓ નીચે પડી ગયેલ જેમા તેઓને માથામાં જમણી બાજુ વાગેલુ જેથી તેઓએ શ્રી હરી કલીનીકમાં સારવાર કરાવેલ. આ બનાવ બાબતે તેઓએ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. તેમની જુબાની

દરમિયાન તેઓને આંક–૧૭ થી રજુ ફરિયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આરોપીને તેઓ ઓળખે છે.

સદર ફરિયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

ત્યારબાદ સદરહુ ફરિયાદી આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાતનો સ્વિકાર કરે છે કે, આ કામના આરોપીએ તેમને કોઈ ગાળો આપેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે ધક્કામુક્કી થતા તેઓ પડી ગયેલ અને જેથી કહેવાતી ઈજાઓ થયેલી. એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેમને લાગી આવતા તેઓએ આવેશમાં આવીને ફરીયાદ આપેલી. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

8 ફરિયાદપક્ષે **આંક–૦૮ થી સાહેદ દિનેશભાઈ બચુભાઈ ચૌધરી અને આંક–૦૯ થી સાહેદ જિગ્નેશભાઈ અશોકભાઈ કાવીઠીયા** નાઓને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૩ માં સવારના સમયે ડાયમંડ નગરની બાજુમાં બનેલ. તે સમયે તેઓ ડાયમંડમાં કામ કરતા હતા. આ કામના ફરિયાદી પ્રવિણભાઈ સવજીભાઈ ભોજવીયાને તેઓ ઓળખે છે. આ કામના આરોપી લક્ષ્મણભાઈ ને તેઓ ઓળખે છે. આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે કઈ જગડો થયો હોય તે તેઓ કઈ જાણતા નથી. તેઓએ બનાવ નજરે જોયેલ નથી. આ કામના ફરિયાદીએ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ અને તપાસ કરનારે તેઓનો જવાબ લીધેલ.

સદર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

ત્યારબાદ સદરહુ સાહેદો આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે,

પોલીસે માત્ર તેઓનું નામ સરનામુ પુછેલ એ સીવાય અન્ય કઈ પુછેલ નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

9 ફરિયાદપક્ષે **આંક–૧૩ થી પંચસાહેદ ગણેશભાઈ અરવિંદભાઈ ભોજવીયા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને એક તૈયાર પંચનામા સહી કરવાનું કહેતા તેઓએ તેમા સહી કરેલ. તેઓને પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવતા હોય, સદર કામે તે પંચનામાને રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રી એ પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

સદર પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા સદર કામે ઉલતતપાસ કરવામા આવેલ નથી.

10 ફરિયાદપક્ષે **આંક–૧૮ થી સાહેદ પરેશભાઈ સવજીભાઈ ભોજવીયા તથા આંક–૧૯ થી સાહેદ પ્રકાશભાઈ સવજીભાઈ ભોજવીયા તથા આંક–૨૦ થી સાહેદ પ્રભાતભાઈ સવજીભાઈ ભોજવીયા તથા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૦૯/૧૫ વાગ્યે ખોલવડ ગામ અમૃત ઉધોગ નગર વિભાગ–૨ શ્રીનાથજી ડાયમંડ કારખાનામાં બનેલ. બનાવ વાળા સ્થળે તેમનો ભાઈ પ્રવિણ હિરા ઘસવાનું કામ કરતો હતો. બનાવના દિવસે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના ભાઈ પ્રવિણે તેમને ફોન કરીને બનાવની હકિકત જણાવેલી કે,"ગઈ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ કારખાનામાં તેઓ સાથે કામ કરતા લક્ષમણભાઈ પરમાર મારી બાજુમાં આવેલ ઘંટી ઉપર કામ શીખતા નીલેશ નામના છોકરા સાથે મસ્તી કરતો હોય, જેથી મે તેને કહેલ કે નાના છોકરા સાથે મસ્તી કેમ કરે છે તેમ કહી ઉશકેરાઈ જઈ મને કહેલ કે તારી સાથે મસ્તીતો નથી કરતોને તેમ કહી મને ગાલ ઉપર લાફો મારી દિધેલ જેથી હુ મારી ઘંટી ઉપર ઉઠીને જતો રહેલ જેથી કરીને ફરીથી ઝગડો ન થાય એટલે ત્યાંથી નીકળી ગયેલ. તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ હુ મારી ઘંટી ઉપર કામ કરતો હતો ત્યારે અચાનક લક્ષ્મણભાઈ હાથમાં લોખંડની પાઈપ લઈ આવીને મારો શર્ટ પકડીને

મારી સાથે બોલાચાલી કરેલી અને બોલાચાલી થતા ઘણા માણસો ભેગા થઈ ગયેલ જેમા ધક્કામુકી થતા હુ નીચે પડી ગયેલ જેમા મારા ભાઈને માથામાં જમણી બાજુ વાગેલુ જેથી તેની શ્રી હરી કલીનીકમાં સારવાર કરાવેલ." આ બનાવ બાબતે પ્રવિણભાઈ એ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. તપાસ કરનારે તેઓનો જવાબ લીધેલ. આરોપીને તેઓ ઓળખે છે.

સદર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

ત્યારબાદ સદરહુ સાહેદો આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ તેઓને ફોન હ્રારા થયેલી. એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, પોલીસે માત્ર તેઓનું નામ સરનામુ પુછેલ એ સીવાય અન્ય કઈ પુછેલ નહી. એ વાતનો ઈન્કાર કરે છે કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

- **<u>પૂરાવાનું મૂલ્યાંકન:</u>**

11 આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર **ઈ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે:

12 **<u>કલમ – 323 : સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :</u>**ઉપર્યુકત કલમમાં આરોપીને તકસીરવાન ઠરાવવા માટે ઇ.પી.કો.કલમ-૩૧૯ મુજબ " વ્યથા " ના તત્વો પુરવાર થવા જરૂરી છે, જે નીચે મુજબ છે :

I. આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા હોવું જરૂરી છે.

II. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવી સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કરેલ હોવું જોઇએ.

13 **<u>કલમ– 324 – ભયંકર હથિયાર કે સાધન વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત :</u>**

જે કોઈ વ્યકિત કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના કે કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય, તેવા સાધન વડે અથવા આગ કે કોઈપણ ગરમ પદાર્થ અથવા કોઈ તપાવેલા પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળી જવાથી માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈપણ પશુ મારફતે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને થઈ શકે.

14 **કલમ–504– શાંતિનો ભંગ કરવા ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વક અપમાન:**

જે કોઈ ઈરાદાપૂર્વક અપમાન કરે છે, અને તેના દ્વારા કોઈ પણ વ્યક્તિને ઉશ્કેરણી આપે છે, એવી સંભાવના છે કે આવી ઉશ્કેરણીથી તે જાહેર શાંતિ ભંગ કરશે અથવા અન્ય કોઈ અપરાધ કરશે, તેને એક મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. બે વર્ષ સુધી લંબાવી શકે છે, અથવા દંડ સાથે અથવા બંને સાથે.

આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે:

I. આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યક્તિનું અપમાન કર્યું
II. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હોય,
III. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

15 **કલમ– 506 - ગુનાહિત ધમકીની સજા :**

કોઈ ફોજદારી ધાકધમકીનો ગુનો કરે છે તેને બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે; જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, વગેરે – અને જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, અથવા આગ દ્વારા કોઈપણ મિલકતના વિનાશનું કારણ બને, અથવા મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનું કારણ બને, સાત વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અથવા સ્ત્રીને અપવિત્રતાનો આરોપ લગાવવા માટે, સાત વર્ષ

સુધી લંબાવવામાં આવતી મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે સજા કરવામાં આવશે.

આ કલમના ઉતરાર્ધમાં જે પ્રકારની ધમકીની વિગત આપવામાં આવી છે તે ગુનાહિત ધમકી ગંભીર પ્રકારની ગણાય અને તે કારણે વ્યકિતની ભયની માત્રા વધી જાય. મૃત્યુ, મહાવ્યથા, આગથી મિલકતનો નાશ કરવો કે ગંભીર પ્રકારનો ગુનો કરવો તે અંગેની ધમકી સાથે કોઇ સ્ત્રીને તેની ચારિત્રય હિનતા માટે આક્ષેપ મુકવામાં આવશે તેને પણ આવરી લેવામાં આવેલ છે. અને ઉતરાર્ધ મુજબના ગુના સમાધાન ન કરી શકાય તે પ્રકારના ગુના ગણવામાં આવે છે.

16 આમ, ઉપર્યુક્ત કાયદાકીય જોગવાઈઓ, તેનો અર્થ તેમજ તેના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકત સાથે તેમજ તેના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સાથે સરખાવી ન્યાયિક નિર્ણય પર પહોંચવું જરૂરી છે.

17 હાલના કામે ફરીયાદીએ આરોપી સામે માર માર્યાની ફરીયાદ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી નાઓ હીરાઘસુનુ કામકાજ કરતા હતા દરમિયાન આ કામના આરોપી નાઓ તેઓના હાથમાં લોખંડની પાઈપ લઈ અચાનક આવી ફરીને માથામાં મારી ફરીયાદીનુ શર્ટ પકડી નીચે પાડી દઈ મારા મારી કરી જેમફાવે તેમ ગાળો બોલી ફરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ છે. જે અનુસંધાને ફરિયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈએ લેતા, PW-1 અને PW-2 પોતાની જુબાનીમાં જણાવે છે કે, આ કામના ફરિયાદીને તેઓ ઓળખે છે. તેમજ આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલ ઝગડા વિશે તેઓ કશુ જાણતા નથી. તેમજ તેઓએ બનાવ બનતા નજરે જોયેલ પણ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, પોલીસે તેઓનો જવાબ લીધેલો, પરંતુ આ બંને સાહેદો તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, પોલીસે માત્ર તેઓનું નામ સરનામુ પુછેલ એ સીવાય અન્ય કઈ પુછેલ નહી. તેમજ સદર કામે સદર કામે આંક-૧૪ થી રજુ પંચનામાના પંચ સાહેદ PW-3 આંક-૧૪ ના પંચનામાને સમર્થન આપતા ન હોય, તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામાં સહિ કરવાનું કહેતા તેઓએ તૈયાર પંચનામાં સહી કરેલી. આમ, સદર કામે રજુ કરેલ આંક-૧૪ ના પંચનામાને માનવાલાયક કારણ ફરિયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે. PW-4

થી તપાસવામાં આવેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લઈએ તો, સદર કામે ફરિયાદી તેઓની જુબાનીમાં ફરિયાદ હકિકતને સમર્થન આપતા ન હોય તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં તેમની સોગંદ પરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ જણાવેલ છે કે, આ કામે તેમને થયેલ ઈજા તે લોકો ભેગા થઈ જવાથી ધક્ક મુક્કિ થવાથી પડી ગયા હતા તેના કારણે ઈજા થઈ હતી. તેમજ આ કામના ફરિયાદી તેમની ઉલટતપાસમાં એ હકિકતનો પણ સ્વિકાર કરે છે કે, આરોપીએ કોઈ બિભત્સ ગાળો આપી ન હતી કે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી ન હતી. તેમજ બનાવ સમયે તેઓએ ઉશ્કારેયને આવેશમાં આવીને ફરિયાદ આપેલી. વધુમાં તે હકિકતનો પણ સ્વિકાર કરેલ છે કે, આ કામના આરોપીએ તેમને કોઈ ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. PW-5, PW-6 અને PW-7 થી તપાસવામાં આવેલ સાહેદ તે આ કામના ફરિયાદીના ભાઇઓ થાય છે તેમજ તેઓ તેમની જુબાનીમાં કબુલે છે કે, બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી. આ કામના ફરિયાદીનો ફોન તેમના ઉપર આવેલ અને તેઓએ બનાવ હકિકતની જાણ કરેલ હતી. આથી તેઓ તમામ સાહેદ તે ફરિયાદીના જણાવ્યા મુજબની જુબાનીમાં હકિકત લખાવેલી છે. તેમજ તેઓ તમામ બનાવ હકિકતને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ દ્વાર તેઓ તમામને ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, પોલીસે તેઓનો જવાબ લીધેલો, પરંતુ આ બંને સાહેદો તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, પોલીસે માત્ર તેઓનું નામ સરનામુ પુછેલ એ સીવાય અન્ય કઈ પુછેલ નહી. તેમજ સદર કામે મેડિકલ સર્ટી આપનાર તબીબી સાહેદને તેમજ બનાવ નજરે જોનાર સ્વતંત્ર સાહેદને આ કામે તપાસવામાં આવેલ નથી. તેમજ તપાસ કરનાર અમદારને પણ આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો, ફરિયાદી અને પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ હોય બનાવ હકિકતને સમર્થન મળતુ નથી તેમજ સદર બનાવ બનાવ બન્યા બાબના સીસીટીવી ફુટેજ રેકર્ડ પર આવવા પામેલ નથી. જે સંજોગોમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવાના આધારે **ઈ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪ અને ૫૦૬(૨)** મુજબના ગુનાના તત્વો નિ:શંકપણે સાબિત થઇ શકેલ નથી. જેથી સદર ગુનો પુરવાર થયાનું માની શકાય નહિ.

18 વધુમાં આરોપી સામે જયારે ઇ.પી.કોડની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબનુ તહોમત છે. પરંતુ ફરીયાદપક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપી દ્વારા ચોકકસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો અને ધમકીના કારણે ફરીયાદી ભોગબનનાર તાતકાલિક મૃત્યુના ભય હેઠળ આવી ગયા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદપક્ષ આવી હકીકતો પુરવાર કરી ન શકે તો કલમ–૫૦૪ અને ૫૦૬(૨) નો ગુનો પુરવાર માની શકાય નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે **એ.બી.વાટલીયા(પી.એસ.આઇ.) વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય**[1] ના ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૫૦૪ નું તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે આરોપીએ શાંતિ જોખમાય તેવા હેતુપુર્વકનુ અપમાન કર્યુ હતુ તેમજ ફરીયાદીએ તેમની ફરીયાદમાં તેમજ કોર્ટ સમક્ષના પુરાવાઓમાં ચોકસ કયા શબ્દો આરોપીએ ઉચ્ચારેલા તે રેકર્ડ ઉપર લાવવા જરૂરી છે કારણ કે, જો આવા શબ્દો રેકર્ડ ઉપર હોય તો જ અદાલત આરોપી ધ્વારા બોલાયેલા તે શબ્દો ઈરાદાપુર્વક અપમાનીત કરવાના ઈરાદાથી અને શાંતિનો ભંગ થાય તથા ફરીયાદી ઉશ્કેરાઈ તેવા હેતુથી બોલેલા હતા તેનો નિર્ણય કરી શકે. જો ફરીયાદપક્ષ ધ્વારા આવા શબ્દો રેકર્ડ ઉપર લાવવામાં ન આવે તો આરોપી વિરુધ્ધ કલમ–૫૦૪ મુજબનો ગુનો માની શકાય નહી.

19 ઉપરોક્ત જોગવાઈઓ વિશે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **પ્રવીણભાઈ બેચરભાઈ વણકર વી. ગુજરાત રાજ્ય**[2] ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે:

> *"In order to enable the court to decide whether, particular words used by the accused were likely to give provocation to break the public peace or to commit any other offence as contemplated by Sec. 504 of the Indian Penal Code, it was necessary for the prosecution to point out the actual words used by the accused. Mere abuse in the absence of any intention to provoke any person to break the public peace or to commit any other offence or, of*

1 2011 (3) GLR 2557
2 2007 (1) GLH 337

*knowledge that a breach of the peace was likely, does not fall within Sec. 504 of the Indian Penal Code."*

20 આમ, ઉપરોકત બંને ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ જયારે આરોપી વિરૂધ્ધ **ઈ.પી.કોડ ની કલમ- ૫૦૬(૨)** મુજબના ગુનાનુ તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે માત્ર આરોપી દ્વારા બોલાયેલા શબ્દો જ પુરવાર કરવા જરૂરી નથી પરંતુ આવા શબ્દો અને ધમકીને કારણે ફરીયાદી તથા ભોગબનનાર તાતકાલિક ભય હેઠળ આવી ગયા હતા અને તેઓના મનમાં ચોક્કસ રીતે મૃત્યુનો ડર પેદા થઈ ગયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઇએ, માત્ર બોલાયેલા શબ્દોથી ગુનાહીત ધમકી હતી તેવુ પુરવાર થઈ શકે નહી.

21 હવે ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓને અને ઉપરોક્ત નામદાર હાઈકોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઇ રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવા પરથી ફરીયાદીની જુબાની મુજબ આરોપીએ તેમને બોલાચાલી કરેલ હોવાનું જણાવે છે, પરંતુ આરોપી દ્વારા ઉચ્ચારવામાં આવેલા શબ્દો પુરવાર થતા નથી. વધુમાં ફરીયાદી પોતાની જુબાનીની ઉલટતપાસમાં એ હકિકતનો પણ સ્વિકાર જકરે છે કે, આરોપી તેમને મારી નાંખવાની ધમકી આપેલ નથી. કે કોઈપણ ગાળો આપેલ નથી. જેથી આ કામે ફરીયાદીપક્ષે રજુ થયેલ પુરાવા તેમજ સાહેદની જુબાની પરથી એવું ફલિત થતું નથી કે આરોપીએ આપેલ ધમકીના લીધે ફરીયાદી સતત ડરમાં રહેતા હોય કે તેમના મનમાં ગંભીર ઈજા કે મૃત્યુ થવાનો ભય રહેલો હોય કે તેઓ પોતાનું રોજીંદુ કામ આવી ધમકીના લીધે કરી ન શકતા હોય. જેથી, તે મુજબનો લેશમાત્ર પુરાવો રેકોર્ડ પર આવેલ ન હોય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહિ. આમ ફરિયાદપક્ષે આરોપી સામે **ઇ.પી.કો કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબનો** ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી.

22 આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધના **ઈ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબના ગુનાના તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા

ન્યાયોચિત જણાય આવે છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "નકારમાં" આપી અને મુદ્દા નં. ૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ અનુસાર આપવામાં આવે છે:

## // આ ખ રી હુ ક મ //

1 આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબના આક્ષેપિત ગુનામાંથી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો આદેશ આપવામાં આવે છે.

2 આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના આરોપીને જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **25**[મી] માહે **માર્ચ,** સને **2026** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 25/03/2026
સ્થળ: સુરત

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડી. મેજી.ફ.ક., કઠોર**
**Judge Code - GJ01769**

ગુજરાતી સ્ટેનોગ્રાફર
એમ. જી. મોરડીયા